આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૪ -૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## રાજ્ય-કૃષિ રાહત પેકેજ

રાજ્ય સરકારે ખેડૂતોને આર્થિક સહાય આપતું ૩૫૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. વિધાનસભા ગૃહમાં કૃષિમંત્રી રાઘવજી પટેલે આ રાહત પેકેજની જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે, રાજ્યના ૪૫ તાલુકાઓનો ૪ લાખ છ હજાર ૮૯૨ હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારના આશરે એક લાખ પચાસ હજારથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે. તેમણે ઉમેર્યું કે, અસરગ્રસ્ત ખેડૂતોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણ મુજબ, પાક નુકશાની માટે સહાય અપાશે. આ ઉપરાંત બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેક્ટર લેખે મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

આ ઉપરાંત જે કિસ્સામાં સહાય ચૂકવવા પાત્ર રકમ ૩ હજાર ૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા ૩ હજાર ૫૦૦ ચૂકવવામાં આવશે તેમ પણ કૃષિમંત્રીએ ઉમેર્યું હતું.

**(RNU અમદાવાદ)**

---

## વિધાનસભા વિવિધ ખરડાઓ

ગુજરાત વિશેષ કોર્ટ ખરડો અને ખાનગી યુનિવર્સિટી સુધારા ખરડો એમ બે વિધેયકો ગઈકાલે રાજ્ય વિધાનસભા ગૃહમાં પસાર થયા.. ગુજરાત વિશેષ કોર્ટ વિધેયક રજૂ કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ગુનેગારોને ઝડપથી સજા અપાવવા તથા ગુનામાંથી ભેગા કરેલી મિલકતને જપ્ત કરવાના ઉદ્દેશથી આ કાયદો લાવવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું કે, અર્થવ્યવસ્થાને નુકશાન કરતા બુટલેગરો, જાહેર સેવકો, રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ કરનારા લોકો, ભુમાફીયાઓ, ડ્રગ માફીયાની સંપતિ જપ્ત કરવા ગુજરાત વિશેષ કોર્ટનો કાયદો બન્યો છે. જે ગુનાઓમાં ૩ વર્ષથી વધુ સજાની જોગવાઇ હોય અને ગુનાઓ આચરીને મેળવેલી મિલકત એક કરોડથી વધુની હોય તે આરોપીને આ કાયદો લાગુ પડશે..

તો ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક વિધાનસભા ગૃહ ખાતે પસાર કરવામાં આવ્યું છે.. વિધાનસભા સત્રમાં ગુજરાત ખાનગી યુનિવર્સિટી સુધારા વિધેયક રજૂ કરતાં શિક્ષણ રાજ્યમંત્રી પાનસેરીયાએ જણાવ્યું હતું કે, આ સુધારા વિધેયક લાગુ થવાથી યુનિવર્સીટીના નામ તથા સ્થાન ફેરફાર કરવા જેવી બાબતોમાં સુધારો કરવા માટે વિધાનસભામાં લાવવાની જરૂર રહેશે નહિ.

**(RNU અમદાવાદ)**

---

## પ્રધાનમંત્રી-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે **11** વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનો આ **113**મો એપિસોડ હશે. આ કાર્યક્રમ આપ આકાશવાણી, દુરદર્શન, **AIR** ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ પર સાંભળી શકશો.

આ ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિન્દી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુટ્યૂબ ચેનલ ઉપર પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમ બાદ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ)**

---

# કચ્છમાં ખરીફ પાકનું વાવેતર

જિલ્લામાં 5 લાખ 46 હજાર 723 હેકટરમાં ખરીફ પાકનું વાવેતર થયુ છે.જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીના જણાવ્યા મુજબ સૌથી વધુ રાપરમાં 1,24,524, ભચાઉમાં 1,03,250, અબડાસામાં 69,355, ભુજમાં 62,618 જયારે માંડવી તાલુકામાં 54,541 હેકટરમાં વાવણી થઈ છે. આ ઉપરાંત, અંજારમાં 42,650, નખત્રાણામાં 40,544, લખપતમાં 26,155, મુન્દ્રામાં 20,466 ગાંધીધામમાં 2620 હેકટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયુ છે.

પાક મુજબ જોઈએ તો સૌથી વધુ દિવેલા 1,28,024, ઘાસચારો 1,05,890, મગફળી 78,545, કપાસનું 73,153 હેકટરમાં વાવેતર થયાના હેવાલ છે.જયારે ગુવાર 50,129, મગ 32,797, તલ 31,025, બાજરી 19,973, શાકભાજી 9,219 અને તુવેરનું 7,074, હેક્ટર વાવેતર નોંધાયુ છે.

**(અશરફ નથવાણી/NP)**

----------------------------------------------------------------------

# કચ્છ-યુનિવર્સિટી-ભરતી પ્રક્રીયા

કચ્છ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી છે.

યુનિવર્સિટી દ્વારા પ્રથમ વખત આસી. રજિસ્ટ્રાર અને સેકશન ઓફિસરની જગ્યા ઊભી કરાઈ છે.આ જગ્યા માટે આગામી 15 મી સપ્ટેમ્બરના લેખિત પરિક્ષા યોજાશે. આ ઉપરાંત આગામી સમયમાં  ક્લાર્ક અને અન્ય બિનશૈક્ષણિક જગ્યા તેમજ 38 જેટલા પ્રોફેસર - આસી. પ્રોફેસરની ભરતી માટેની પ્રક્રિયા વેગવાન બનશે. આ માટે ગત  8 માર્ચના જાહેરાત બહાર પાડવામાં આવી હતી.

**(અશરફ નથવાણી/NP)**

----------------------------------------------------------------------

# વરસાદની આગાહી

ગુજરાતમાં આગામી ચાર દિવસ દરમિયાન કેટલાંક વિસ્તારોમાં અતિભારે, જ્યારે કેટલાંક સ્થળોએ ભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે..

હવામાન વિભાગે આજ માટે દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં અતિભારે વરસાદનુ ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. મધ્યગુજરાત અને ઉત્તર ગુજરાત સહિતના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી પણ કરવામા આવી છે.

કચ્છમાં પણ વરસાદનો સાર્વત્રિક રાઉન્ડ આવે તેવા હવામાન વિભાગના અનુમાન વચ્ચે છેલ્લા ત્રણેક દિવસથી ગરમી-ઉકળાટનો માહોલ પરાકાષ્ટાએ પહોંચ્યો છે. હવામાન વિભાગે આવતીકાલ કચ્છમાં પણ વરસાદી ગતિવિધિ વધવા સાથે 28મી સુધી જિલ્લામાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

**(અશરફ નથવાણી/NP)**

---------------------------------------------------------------------